........................................................ નાં ઉપયોગ અર્થે

**અગ્રતા ક્રમ :** ૨૪

**વિભાગ:** ઉદ્યોગ અને ખાણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:**૧૫/૪/૧૭૩૧

**વિધાનસભા ગૃહમાં જવાબ**
**આપવાની તારીખ:** ૨૭/૦૨/૨૦૨૪

## પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું સત્ર

**પ્રશ્ન શિર્ષક:**સાસણ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર:** શ્રી સંજય સુખાભાઈકોરાડીયા(જુનાગઢ)

**અગ્રતા ક્રમ: ૨૪**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૭૩૧**

**પ્રશ્નની વિગત:સાસણ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો**

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ:શ્રી સંજય સુખાભાઈકોરાડીયા (જુનાગઢ)**

| ક્રમ | વિગત | પાના નં |
|---|---|---|
| ૧ | તારાંકિત પ્રશ્ન | ૧ |
| ૨ | વિધાનસભાને આપેલ જવાબ | ૨ |
| **3** | પૂરક માહિતી | ૩ |
| ૪ | **પ્રશ્ન નં. (૧) છેલ્લા બે વર્ષમાં સાસણ ખાતે કેટલા સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓએ મુલાકાત લીધી?** | ૫ |
| ૫ | **પ્રશ્ન નં. (૨) પ્રવાસન પ્રભાગદ્વારાસાસણ ગીરમાં આવતા પ્રવાસીઓની સુવિધા માટે કોઈ કામગીરી કરવામાં આવેલ છે?જોહાતોતેનીવિગતજણાવો** | ૬ |
| ૬ | **પ્રશ્ન નં. (૩) પ્રવાસન પ્રભાગદ્વારા ગીરમાં આવતા પ્રવાસીઓ માટે કોઈ ભવિષ્યમાં કોઈ કામગીરી હાથ ધરવામાં આવશે કે કેમ ? જો હા તો તેની વિગત જણાવો** | ૭ |

## અગ્રતા ક્રમાંક : ૨૪
## પૂરક માહિતી

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક :**૧૫/૪/૧૭૩૧
**વિષય**: સાસણ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો
**પ્રશ્ન પૂછનારમાન.ધારાસભ્યશ્રીનું નામ**: શ્રી સંજય સુખાભાઈકોરાડીયા(જુનાગઢ)

**સાસણમાંઆવતા પ્રવાસીઓની વિગત:**

ઉપરોક્ત પ્રશ્ન મુજબ સાસણ ખાતે આવતા પ્રવાસીઓની માહિતી પૂછેલ છે, આ માહિતીમાં સાસણ એટલે ગીર અભયારણ્ય અને દેવળીયા ગીર પરિચય ખંડનો સમાવેશ કરવામાં આવેલ છે.

સાસણ(ગીર અને દેવળીયાગીર) ખાતે વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩માં આવનાર પ્રવાસીઓની સંખ્યા નીચે મુજબ છે:

| વર્ષ | સ્થાનિક | વિદેશી | કુલ |
|---|---|---|---|
| ૨૦૨૨ | ૭,૧૨,૯૦૧ | ૪,૨૦૦ | **૭,૧૭,૧૦૧** |
| ૨૦૨૩ | ૮,૪૯,૫૩૪ | ૮,૧૭૪ | **૮,૫૭,૭૦૮** |
| **કુલ** | **૧૫,૬૨,૪૩૫** | **૧૨,૩૭૪** | **૧૫,૭૪,૮૦૯** |

ઉપરોક્ત, આમવર્ષ૨૦૨૨સાસણ(ગીર અને દેવળીયા ગીર) ખાતે માં કુલ ૭,૧૭,૧૦૧ (શબ્દોમાં સાત લાખ સત્તર હજાર એકસો એક) પ્રવાસીઓએ મુલાકાત લીધી.
જ્યારે વર્ષ ૨૦૨૩માં સાસણ(ગીર અને દેવળીયા ગીર) ખાતે ૮,૫૭,૭૦૮ (શબ્દોમાં આઠ લાખ સત્તાવન હજાર સાતસો આઠ) પ્રવાસીઓએ મુલાકાત લીધી.

આમ,સ્થાનિકપ્રવાસીઓનીસંખ્યામાં વર્ષ ૨૦૨૩ માંકુલ૧,૩૬,૬૩૩(શબ્દોમાં એક લાખ છત્રીસ હજાર છસો તેત્રીસ) પ્રવાસીઓનો વધારો થયો, જ્યારે વિદેશી પ્રવાસીઓનીસંખ્યામાં વર્ષ ૨૦૨૩ માં કુલ ૩,૯૭૪ (શબ્દોમાં ત્રણ હજાર નવસોચુમોતેર) પ્રવાસીઓનો વધારો થયો

એશિયાટીકલાયનનુ એક માત્ર નિવાસસ્થાન ગુજરાતના સાસણ ગીર ખાતે આવતા પ્રવાસીઓ અને મુલાકાતીઓને મળતી હયાત સુવિધામા વધારો કરીને ખુટતી વધારાની નવી સુવિધાઓ વધારવા માટે નિગમ દ્વારા ડેવલોપમેન્ટ ઓફ સાસણ ગીરની કામગીરીત્રણ ફેઈઝમાં હાથ ધરેલ હતી.

**ફેઈઝ ૦૧ :સિંહસદન, નેચરપાર્કઅનેઅર્બોરેટમના વિકાસ માટેની કામગીરી**

સદર કામગીરી માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધર્યા પછી એલ-૧ આવેલ એજન્સીને રૂ. ૭.૪૮ કરોડનો વર્ક ઓર્ડર મે. શાન્તીકન્સ્ટ્રકશન (ગુજ) પ્રા. લી. એજન્સીનેઆપવામા આવેલછે. જેની રિવાઈઝડકોસ્ટ રૂ. ૧૧.૩૦ કરોડ થયેલ છે.

જેમા મુખ્ય ઘટકો તરીકે પ્રવેશ દ્વાર ૧ અને ૨ (સિંહ સદન), રિસેપ્શન સેન્ટર, સોવીનિયરશોપ, ઈલેક્ટ્રીફીકેશન, ટોયલેટબ્લોક,પાઠશાળાનુરીનોવેશન,સ્ટાફ અને સ્ટુડન્ટ માટે ટેન્ટ,ટ્રૈઈલનુરીનોવેશન,એમ્ફીથીયેટરનુરીનોવેશન જેવી કામગીરી હાથ ધરવામા આવનાર છે.

**<u>ફેઈઝ ૦૨ :દેવળિયાસફારીપાર્કઅને સનસેટપોઈન્ટના વિકાસ માટેની કામગીરી</u>**

સદર કામગીરી માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધર્યા પછી એલ-૧ આવેલ એજન્સી ને રૂ. ૧૦.૯૫ કરોડનો વર્ક ઓર્ડર મે. ક્રિષ્નાકન્સ્ટ્રકશનકુ. એજન્સીનેઆપવામા આવેલછે, જેની રિવાઈઝડકોસ્ટ રૂ. ૧૪.૬૯ કરોડ થયેલ છે.

દેવળિયાસફારીપાર્કનુ નિર્માણ અને સનસેટ પોઈન્ટ ભાલ છેલ હીલ ખાતે
પાર્કીંગ, ઈન્ટરપ્રીટેશન સેન્ટર, ટીકીટબૂકીંગ ઓફિસ, કેન્ટીનફૂડ કોર્ટ, સોવેનીયરશોપ, વોચ ટાવર, ટોયલેટબ્લોક,સીટીંગએરેન્જમેન્ટ જેવી કામગીરી હાથ ધરવામા આવેલ.

**<u>ફેઈઝ ૦૩: આર્ટવર્ક તથા સ્કલપચરની કામગીરી</u>**

સદર કામગીરી માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધર્યા પછી એલ-૧ આવેલ એજન્સી ને રૂ. ૬.૮૭ કરોડનો વર્ક ઓર્ડર પાલ ઈવેન્ટસએજન્સીનેઆપવામા આવેલહતો.

જેમા મુખ્ય ઘટકો તરીકે ચેક પોસ્ટ ગેટ,ગેટ પર વિવિધ પ્રાણીઓના સ્કલ્પચર, ઈન્ટરપ્રિટેશન ઝોન, બેન્ચીસડસ્ટબિન ,ઈન્ફોર્મેશન બોર્ડ, સન થીમએન્ટ્રીગેટ,સન ડાયલ ગેટ,૧૨ ફૂટ સાઈઝનાબ્રાસના વિશાળ સિંહ નુ સ્કલપચર જેવી કામગીરી હાથ ધરવામા આવેલ છે.

---

- પ્રોજેક્ટનીવધારાની વિગતો નીચે મુજબ છે .
- આર્કિટેક્ટનુ નામ એન્ડ એસોશીએટસ મમતા શાહ:
- પ્રોજેક્ટ કોસ્ટ :રુ.૩૨.૦૦ કરોડ

**<u>અગ્રતા ક્રમાંક : ૨૪</u>**

**<u>પુરક પ્રશ્નો અને જવાબ</u>**

**<u>તારાંકિત પ્રશ્ન ક્રમાંક</u>** :૧૫/૪/૧૭૩૧
**<u>વિષય</u>**: સાસણ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો
**<u>પ્રશ્ન પૂછનારમાન.ધારાસભ્યશ્રીનું નામ</u>**: શ્રી સંજય સુખાભાઈકોરાડીયા (જુનાગઢ)

**<u>તારાંકિત પ્રશ્ન ક્રમાંક</u>** :૧૫/૪/૧૭૩૧
**<u>વિષય</u>**: સાસણ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યા
**<u>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ</u>**: શ્રી સંજય સુખાભાઈકોરાડીયા(જુનાગઢ)

**પ્રશ્ન નં. (૧)છેલ્લા બે વર્ષમાં સાસણ ખાતે કેટલા સ્થાનિકઅને વિદેશી પ્રવાસીઓએ મુલાકાત લીધી?**

**ઉત્તર**:વર્ષ ૨૦૨૨ માં ૭,૧૨,૯૦૧ સ્થાનિક પ્રવાસીઓએસાસણની(ગીર અને દેવળીયા)મુલાકાત લીધી, જ્યારે વર્ષ ૨૦૨૩માં ૮,૪૯,૫૩૪ સ્થાનિક પ્રવાસીઓએસાસણની(ગીર અનેદેવળીયા) મુલાકાત લીધી. આમ, ઉક્ત સ્તિથિએ ૧,૩૬,૬૩૩ સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે.

ઉપરાંત વર્ષ ૨૦૨૨માં ૪૨૦૦ વિદેશી પ્રવાસીઓએસાસણની મુલાકાત લીધી, જ્યારે વર્ષ ૨૦૨૩માં ૮૧૭૪ વિદેશી પ્રવાસીઓએસાસણની મુલાકાત લીધી. આમ, ઉક્ત સ્તિથિએ ૩,૯૭૪ વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે.

**<u>તારાંકિત પ્રશ્ન ક્રમાંક :</u>**૧૫/૪/૧૭૩૧
**<u>વિષય</u>**: સાસણ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો
**<u>પ્રશ્ન પૂછનારમાન.ધારાસભ્યશ્રીનું નામ</u>: શ્રીભગાભાઈધાનાભાઈબારડ (તાલાલા)**

**પ્રશ્ન નં. (૨)પ્રવાસન પ્રભાગદ્વ્રારાસાસણ ગીરમાં આવતા પ્રવાસીઓની સુવિધા માટે કોઈ કામગીરી કરવામાં આવેલ છે? જો હા તો તેની વિગત જણાવો**

**જવાબ** : હા

પ્રવાસન પ્રભાગદ્વારાસાસણ ગીરમાં આવેલ સિંહસદન, નેચરપાર્કઅનેઅર્બોરેટમ તેમજ દેવળીયાસફારીપાર્ક,સનસેટપોઈન્ટભાલછેલહિલ તથા આર્ટવર્ક,સ્કલપચરનીફેઈઝ ૧, ૨ અને ૩માં કૂલ રુ.૩૨.૨૧ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવેલ છે,સદરકામગીરીમાંપ્રવેશ દ્વાર ૧ અને ૨ (સિંહ સદન), રિસેપ્શન સેન્ટર, સોવીનિયરશોપ, પાર્કિંગ, ઈન્ટરપ્રીટેશન સેન્ટર, ટીકીટબૂકીંગ ઓફિસ, કેન્ટીનફૂડ કોર્ટ, સોવેનીયરશોપ, વોચ ટાવર ચેક પોસ્ટ ગેટ, ગેટ પર વિવિધ પ્રાણીઓના સ્કલ્પચર, ઈન્ટરપ્રિટેશન ઝોન, બેન્ચીસડસ્ટબિન ,ઈન્ફોર્મેશન બોર્ડ, સન થીમએન્ટ્રી ગેટ, સન ડાયલ ગેટ, ૧૨ ફૂટ સાઈઝનાબ્રાસના વિશાળ સિંહ નુ સ્કલપચર જેવા ઘટકોનેવિકસાવવામાં આવેલ છે.

**<u>તારાંકિત પ્રશ્ન ક્રમાંક :</u>**૧૫/૪/૧૭૩૧
**<u>વિષય</u>**: સાસણ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો
**<u>પ્રશ્ન પૂછનારમાન.ધારાસભ્યશ્રીનું નામ</u>: શ્રી ભગવાનજીભાઈલાખાભાઈકરગટિયા(માંગરોળ)**

**પ્રશ્ન નં. (૩)પ્રવાસન પ્રભાગદ્વારા ગીરમાં આવતા પ્રવાસીઓ માટે કોઈ ભવિષ્યમાં કોઈ કામગીરી હાથ ધરવામાં આવશે કે કેમ ? જો હા તો તેની વિગત જણાવો.**
**જવાબ** : હા

ગુજરાત રાજ્યના મુખ્ય પ્રવાસી સ્થળોના સર્વાંગી વિકાસ અર્થે પ્રમુખ પ્રવાસી કેન્દ્રો અલગ તારવી તે પૈકી આઇકોનિકડેવલોપમેન્ટ તરીકે ખાસ સ્થળોનેઆવરી લેવા માટે આયોજન છે જે પૈકી ગીર વિસ્તારમાં આવતાં પ્રવાસી સ્થળોમાંથી મુખ્ય પ્રવાસી સ્થળોનેઆઈકોનિકડેવલોપમેન્ટ ઓફ્ ગીર તરીકે રુ.૭૧.૦૦ કરોડના ખર્ચે વિકાસ કરવામાં આવનાર છે.

એશિયાટિકલાયન નું એકમાત્ર સ્થળ એવા સાસણગીર તથા નજીકના પ્રવાસન સ્થળ જેવા કે જુનાગઢગીરનારસફારી, વિલિંગટનડેમ,માલણકાડેમસાઈડ,દેવળિયાપાર્ક,ભાલછેલહિલ,જમજીર ધોધ, દ્રોણેશ્વર મહાદેવ, તુલસી શ્યામ,સતાધારસાસણ રોડ ,આંબરડીસફારીપાર્ક,આં,ગીર સોમનાથ ખાતે આવતા પ્રવાસીઓની સુવિધા માં વધારો તેમજ નવા પ્રવાસી આકર્ષણોનો ઉમેરો કરવા અર્થે આઈકોનિકડેવલોપમેન્ટ ઓફ્ ગ્રેટર ગીર માં સમાવેશ કરીને તેમાં પાર્કિંગ, ટોઈલેટબ્લોક, પાથવે, ગજેબો, સેલ્ફીપોઈન્ટ, વ્યુઈંગપોઈન્ટ, જંગલ થીમ ટાઈપ ગેટ, વોટર બોડી ડેવલોપમેન્ટ, લાઈટીંગ, ફૂડ કોર્ટ, રિસોર્ટ,ટુરિસ્ટઈન્ફોર્મેશન સેન્ટર,જીયોડેટીક ડોમ મુજબની પ્રવાસી સુવિધા વધારી શકાય.

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા દેશના વિવિધ રાજ્યોમાં આવતા પ્રવાસીઓની સંખ્યા મળી રહે તેમજ રાજ્યમાં આવેલ પ્રવાસન સ્થળ ઉપર પ્રવાસીઓની માહિતી મળી રહે તે હેતુથી એક મેથોડોલોજી / ગાઈડલાઈન્સ બહાર પાડવામાં આવેલ છે.

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા કેપેસિટી બિલ્ડીંગ ફોર ડીટીવી અને એફટીવી પ્રોજેક્ટ માટે જુદી જુદી એજન્સીઓનું એમપેનલમેન્ટ કરવામાં આવેલ છે. જેમાંથી ગુજરાત રાજ્ય દ્વારા એક એમપેનલ્ડ એજન્સીનું ટેન્ડર પ્રક્રિયા દ્વારાસિલેક્શન કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા વર્ષ 2022 થી મુખ્ય 110 પ્રવાસન સ્થળો ઉપર સર્વે કરવામાં આવે છે.

આ ગાઈડલાઈન અંતર્ગત ટિકિટેડ પ્રવાસન સ્થળ ઉપર કેટલી ટિકિટ વેચાય એનો નંબર લેવામાં આવે છે, જ્યારે નોન ટિકિટેડ પ્રવાસન સ્થળ ઉપર સર્વે કરવામાં આવે છે. આમ, ટિકિટેડ પ્રવાસન સ્થળ ઉપર આવતા પ્રવાસીઓની સંખ્યા મળી રહે તે હેતુથી જુદા જુદા વિભાગ સાથે સંકલન કરીને માહિતી મેળવવામાં આવે છે. જેમકે, સ્ટેચ્યુ ઓફ યુનિટી એરીયા ડેવલોપમેન્ટ એન્ડ ટુરીઝમ ગવર્નન્સ ઓથોરિટી, પુરાતત્વ વિભાગ, વન વિભાગ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી વગેરે...

સાસણ (ગીર અને દેવળીયા ગીર) ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યા વન વિભાગ દ્વારા કેટલી ટિકિટ વેચાઈ એ નંબર ને ધ્યાને રાખીને તેની સંખ્યા લેવામાં આવી છે.